## આણંદ કૃષિ યુનિવર્સિટી

## આણંદ ૩૮૮ ૧૧૦

**વંચાણે લીધેલ:-** હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ.,આણંદના પત્ર ક્રમાંકઃ આકૃયુ/હિનિ/આઇએફએમએસ/૨૭૫૧-૫૮/૨૦૧૮, તા. ૨૨/૦૬/૨૦૧૮

### :: પ રિ પ ત્ર ::

આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે ફરજ બજાવતા ડ્રાયવર સંવર્ગના કર્મચારીઓને છઠ્ઠા પગારપંચ મુજબ તા.૦૧/૦૧/૨૦૦૬ પછી મળેલ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ રૂ.૫૨૦૦-૨૦૨૦૦,ગ્રેડ પે રૂ.૨૪૦૦/- મંજુર કરવામાં આવેલ છે.

ઉપરોકત વંચાણે લીધેલ હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ.,આણંદના પત્ર અન્વયે સાતમા પગારપંચના વેરીફીકેશન થવા અંગે પગાર ચકાસણી એકમ, ગાંધીનગરની કચેરી દ્વારા વાંધો ઉપસ્થિત કરેલ છે કે, ડ્રાયવર સંવર્ગના કર્મચારીઓને સરકારશ્રીના નાણાં વિભાગના તા.૧૮/૨/૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૦૯-૫૬-પ.એ.(મ) (કૃષિ અને સહકાર વિભાગ ગાંધીનગર ના ક્રમાંકઃ પરચ/૧૧૨૦૧૦/૫૬૩/મ૩તા. ૧૬/૦૩/૨૦૧૧) સાથેની અનુસૂચિ મુજબ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે રૂ.૨૦૦૦/- મળવાપાત્ર થતો હોઇ તે પ્રમાણેના હુકમો કરવા જણાવેલ છે. આણંદ કૃષિ યુનિવર્સિટીના તાબા હેઠળની તમામ કચેરીઓને જણાવવામાં આવે છે કે આપના તાબા હેઠળ ફરજ બજાવતા ડ્રાયવર સંવર્ગના કર્મચારીઓનું તા.૧/૧/૨૦૦૬ પછી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે રૂ.૨૪૦૦/- મંજુર કરેલ હોય તેવા કર્મચારીઓની રીવાઇઝડ દરખાસ્ત તૈયાર કરવાની રહેશે.

તા.૧/૧/૨૦૦૬ પછી પગાર ધોરણ રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે રૂ.૨૦૦૦/- પ્રમાણેની રીવાઇઝડ દરખાસ્ત તૈયાર કરી કુલસચિવશ્રીની કચેરીને મોકલી આપવાની રહેશે.

પ્રસ્તુત પરિપત્ર માન.કુલપતિશ્રીની સંમતિથી જારી કરવામાં આવે છે. જેનો અમલ તાત્કાલીક અસરથી કરવાનો રહેશે.

કુલસચિવ

જા. નં. આકૃયુ/રજી/એડીએમ-૨.૩/૪૨૨૪-૩૮/૨૦૨૦

તા. ૫/૦૮/૨૦૨૦

**નકલ સવિનય રવાના:-**

૧. માન.કુલપતિશ્રીના **રહસ્યસચિવશ્રી**,આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ.

૨. તમામ યુનિટ/સબ યુનિટ/પેટા કેન્દ્રની કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ તથા સમય-મર્યાદામાં કાર્યવાહી પુર્ણ કરવી.

૩. સંશોધન નિયામકશ્રી/વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી,આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ.

૪. હિસાબ નિયામકશ્રી,આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.

**નકલ રવાના:-**

૧. કુલસચિવશ્રીના અંગત મદદનીશ,આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ.

૨. ઓડીટ ઓફીસરશ્રી(પે એન્ડ પેન્શન સેલ),આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ.

૩. હિસાબી અધિકારીશ્રી (પી.એફ/પેન્શન/કેશ),આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ.

૪ આ વિભાગની ખાનગી-કાયદા શાખા તરફ જાણ સારૂ.

૫. આ વિભાગની સંકલન/પરીક્ષા/એકેડેમીક/એડીએમ.૩ શાખા તરફ.

૬ સામાન્ય હુકમ ફાઇલ.